## પ્રથમ લેખિત કસોટી - ઓક્ટોબર-2014

## વિષય - ગુજરાતી

## ધોરણ - 7

તારીખ : 7-10-2014
મંગળવાર

સમય : 11-00 થી 14-00
કુલ ગુણ - 80

**પ્રશ્ન -1** **(અ) નીચે આપેલ પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** 10

(1) ગંગા-જમનાનું નીર મંગાવવાનું કારણ...
(અ) ચોકમાં છાંટવા (બ) ભગવાનના સ્નાન માટે (ક) પગ પખાળવા

(2) 'પરીક્ષા' વાર્તાના લેખકનું નામ જણાવો.
(અ) પ્રવીણ દરજી (બ) પન્નાલાલ પટેલ (ક) ધૂમકેતુ

(3) મનુબહેન ગાંધીજીને શું થતા હતાં ? (અ) પુત્રી (બ) પૌત્રી (ક) ભત્રીજી

(4) લીલાશ કોના આવવાથી મેદાનમાં આવશે ?
(અ) વરસાદના (બ) વાયરાના (ક) મોરના

(5) ભીખુ પાઠની ઘટના કયા શહેરની છે ? (અ) દિલ્હી (બ) અમદાવાદ (ક) વીરપુર

(6) કાકાસાહેબને બાળપણમાં કુટુંબીજનો કયા નામે બોલાવતા ?
(અ) સતુ (બ) દતુ (ક) કાકુ

(7) દિયરે ભાભીને કેવા કહ્યાં છે ? (અ) જ્ઞાની (બ) સ્નેહભીનાં (ક) કેસરભીનાં

(8) બાનું એક સ્વજન એટલે... (અ) પિતાજી (બ) લેખક (ક) વાડો

(9) રાતા રંગથી ઝળાંહળાં રચનાનો આકાર કેવો હતો ? (અ) લંબચોરસ (બ) ગોળ (ક) લંબગોળ

(10) બે ખાનાનો પરિગ્રહ પાઠથી તમે શીખશો કે
(અ) વણખપનું ન વાપરવું (બ) સંગ્રહ કરવો (ક) સગવડોનો ઉપયોગ કરવો

**(બ) નીચેના વાક્યોમાં યોગ્ય વિરામ ચિન્હો મૂકો.** 4

(1) ગામમાંથી ગાયભેંસનું ધણ છૂટ્યું.
(2) અમને ઓછી શિષ્યવૃત્તિ મેળવવાની છે ત્રીજાએ ટાપસી પૂરી.
(3) વિસ્મય વલય વિરાટ ત્રણેયને તેની પાસેલઈ જવામાં આવ્યા.
(4) હું સડક થઈ ગયો ગાડીમાં આખી રાત મને ઊંઘ ન આવી.

**(ક) નીચે આપેલ શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે બે)** 2

(1) ઘડી (2) ભીડ (3) ઘટના

**પ્રશ્ન -2** **(અ) નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યોમાં લખો. (ગમે તે ત્રણ)** 9

(1) પરગ્રહવાસીનું શરીર કેવું લાગતું હતું ?
(2) બા બહારગામ જાય ત્યારે તેમને વાડા અંગે શી ચિંતા રહેતી ?
(3) કુટુંબનો સ્તંભ કોને કહેવાય ?
(4) વરસાદમાં ભીંજાવાનો અનુભવ તમારા શબ્દોમાં લખો.

**(બ) નીચે આપેલ વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે યોગ્ય રીતે જોડો.** 4

| 'અ' | 'બ' |
|---|---|
| (1) આજની ઘડી રળિયામણી | (1) ધ્રુવભટ્ટ |
| (2) બાનો વાડો | (2) મનુબહેન ગાંધી |
| (3) બે ખાનાનો પરિગ્રહ | (3) પ્રવીણ દરજી |
| (4) રાનમાં | (4) નરસિંહ મહેતા |

Scanned by CamScanner

(ક) નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો. (ગમે તે ત્રણ) 3

(1) આજ (2) ગરીબ (3) સગવડ (4) ઉપર

પ્રશ્ન - 3 (અ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો. (ગમે તે ચાર) 8

(1) ગોપીને સૌથી વધારે વહાલું કોણ છે ?
(2) શાળાએ જતા છોકરાઓ શાના વિશે વાત કરતા જતા હતાં ?
(3) ગાંધીજીને શામાં બેસાડીને વાઈસરોયે મળવા બોલાવ્યા હતાં ?
(4) ભાભીએ દિયરને કેવું મહેણું માર્યું છે ?
(5) લીલાશ કયાં સૂતેલી છે ?

(બ) નીચેના વાક્યો વાંચી એની સામે એનો કાળ લખો. 4

(1) એ વખતે પિતાશ્રી ખૂબ હતાશ થયા હતાં. (2) હું આર્ટ્સ કોલેજમાં જઈશ.
(3) મારું અંગ્રેજી અને ગણિત બંને સારાં છે. (4) જીવરામભટ્ટ કાલે પોતાના ગામમાં હતાં.

(ક) નીચેનાં વાક્યો કોણ બોલે છે તે લખો. 4

(1) મા ! કાંઈ ખાવાનું છે ? (2) એક શેઠિયે મને જલેબી ખવડાવી.
(3) તારી કેળવણી પર ધૂળ છે. (4) નોટોના ભાવ રોજ બદલાય છે.

પ્રશ્ન - 4 (અ) નીચેના આપેલા વિષયો પૈકી કોઈએક વિષય પર નિબંધ લખો. 8

(1) રક્ષાબંધન (2) નવરાત્રી (3) વર્ષાઋતુ

(બ) નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે ત્રણ) 6

(1) નિકંદન કાઢવું (2) તડકી છાંયડી જોવી (3) મેણું મારવું (4) શાખ જામવી

(ક) શબ્દ સમુહ માટે એક શબ્દ લખો. (ગમે તે બે) 2

(1) ચાંદીનો રણકારવાળો સિક્કો (2) ત્રણ જાતના પાનનું તોરણ
(3) તેજસ્વી વિદ્યાર્થીને અપાતી આર્થિક સહાય

પ્રશ્ન - 5 (અ) નીચે આપેલા મુદ્દા પરથી વાર્તાલખી યોગ્ય શીર્ષક લખો. 6

એક સિંહ - વૃક્ષ નીચે આરામ - તેના શરીર પર ઉંદર દોડવા લાગ્યો - સિંહે તેને પકડ્યો - ઉંદરે સિંહને મદદ કરવાનું વચન આપ્યું - સિંહે ઉંદરને છોડી મૂક્યો - એકવાર સિંહ જાળમાં ફસાયો - ઉંદરે જાળ કાપી સિંહને મુક્ત કર્યો - બોધ

અથવા

તમારી શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ થઈ ગયો. તેનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

(બ) નીચે આપેલ કાવ્ય પંક્તિ પૂર્ણ કરો. 4

સખી, આજની..............................................................
....................................................મંડપ રચાવીએ જીરે.

(ક) નીચે આપેલા સંયોજકોનો ઉપયોગ કરીને ખાલી જગ્યા પૂરો. 4

(અથવા, છતાં, કે, અને)

(1) મોટર, ગાડી, સાઈકલ ____________ માણસોના ઠઠારાથી બજાર ભરચક હતું.
(2) હું ધારતો હતો ____________ બા ભાંગી પડશે.
(3) અમે એને રોકવાનો ઘણો પ્રયત્ન કર્યો ____________ એ રોકાયો નહીં.
(4) અંકિત ઘેર ____________ શાળામાં હશે.

(ડ) નીચેના શબ્દોની સાચી જોડણી સુધારો. (ગમે તે ત્રણ) 2

(1) લોકગિત (2) વિદ્યાધીકારી (3) અવકાશિ

Scanned by CamScanner